**ફોજદારી ઈન્કવાયરી નં.::9306-2024**

**<u>૨૭માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી.</u>**
**(એન.આઈ.એકટની કોર્ટ )**

**:-: આંક-૦૧ લગત હુકમ :-:**

**૧.** ફરીયાદી તરફે વિ.વકીલશ્રી હાજર, તેઓની રજુઆત સાંભળવામાં આવી, રજુઆતની વિગતે તેઓ ધ્વારા ફરીયાદની વિગત મુજબની વિગત જણાવી હાલની ફરીયાદ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની જોગવાઈ અનુસાર હોવાનું જણાવી ફરીયાદ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે. વધુમાં ફરીયાદી તરફે એવી રજુઆત પણ છે કે, ઈ.સી.એસ. મેન્ડેટ આરોપીના નામનો છે તે પરત થતા આરોપી નોટીસ આપેલ છે, નોટીસની બજવણી આરોપીને થયેલ છે, નોટીસ મુજબનું વર્તન થયેલ નથી, કાયદાની જોગવાઈમાં આરોપીનું કૃત્ય પડતું હોઈ તે સંજોગે આરોપી વિરુધ્ધ ક્રિમીનલ કેસ રજીસ્ટર કરી સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવો જોઈએ.

**૨.** ફરીયાદ હકીકત વંચાણે લીધી, રજુઆત ધ્યાને લીધી, ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધું, **નામદાર સર્વોચ્ચ અદાલતના રીટ પીટીશન(સીવીલ) ૧૮-૨૦૧૩ ઈન્ડીયન બેન્ક એસોશીએશન અને અન્ય વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને અન્ય** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધા, રજુ દસ્તાવેજી આધાર અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં પ્રથમદર્શનીય રીતે હાલની ફરીયાદમાં પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ અન્વયેની છે ત્યારે સદર કેસની કાર્યવાહી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈઓને લાગુ પડતી હોવાનું પ્રથમદર્શનીય જણાય આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોગંદનામું અને દસ્તાવેજો ધ્યાને લઈને પ્રથમદર્શનીય રીતે ગુન્હો બનતો જણાય આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ પણ લઈ શકાય છે. આમ સમગ્ર પુરાવા રજુઆત નજર સમક્ષ રાખી પરીણામ સ્વરૂપ આ કામે નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**-: હુ ક મ :-**

હાલની આ ઈન્કવાયરી આથી ફેસલ કરી, સદર ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૦૪ અન્વયે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ મુજબના ગુન્હા સબબના સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરુધ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ફરી મુદત તા.૩-૯-૨૦૨૪**

તારીખ : ૯-૭-૨૦૨૪

સ્થળ : અમદાવાદ

**(કેયુર એ. પટેલ)**
૨૭માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી
(જીજે-૦૧૦૭૫)

(SONI)